Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-15, Issue-1, June-2021
www.researchguru.net

# વિભાજનમાં વિખેરાતી નારીની કથા: 'પિંજર'

**ડૉ.અલ્પા વિરાશ**

alpavirash@gmail.com

***શોધપત્ર ટૂંકસાર :-***

*આ શોધપત્રમાં લેખિકા અમૃતા પ્રીતમનો પ્રાથમિક પરિચય,સર્જક તરીકે અમૃતા પ્રીતમની વિશેષતા દર્શાવી પિંજર નવલકથાના કથાનક વિશે વાત કરવામાં આવી છે. પિંજર શબ્દનો શાબ્દિક અને લાક્ષણિક અર્થ ખોલી કથાના પ્રતીકાત્મક શીર્ષકની સમજૂતી આપી છે.ત્યારબાદ સમકાલીન ધાર્મિક દંગા ફસાદો અને સામન્ય જન જીવનની બદલાતી તસવીર વિશે વાત કરી છે. એ બધા સાથે કથાની અંદર અનાયાસે ઉપસી જતી એક સ્ત્રીની કથા વિશે વાત કરવામાં આવી છે.આ શોધપત્રનો સારાંશ અંતે માનવ જીવનની જડ વિચારસરણી બદલી સૂક્ષ્મ સંવેદન તરફ વળતી એક સંવેદન કથા પહોંચાડવાનો છે.*

**સંપૂર્ણ શોધપત્ર** :-

પંજાબી ભાષાની પહેલી કવયિત્રી જેમને કહેવામાં આવે છે તે અમૃતા પ્રીતમ મૂળે પંજાબના એક સ્વતંત્ર નારી લેખિકા છે. તેમણે હિંદી અને પંજાબી બંને ભાષામાં સર્જન કર્યું છે.તેમજ તેમની કૃતિઓના એકથી વધુ ભાષામાં અનુવાદો પણ થયા છે. તેમને જ્ઞાનપીઠ પુરસ્કાર,સાહિત્ય અકાદમી પુરસ્કાર,તેમજ જીવનના અંતિમ વર્ષોમાં ભારતનું સૌથી મોટું સન્માન પદ્મ વિભૂષણ પણ એનાયત કરવામાં આવ્યા છે. પદ્મ શ્રી થી સન્માનિત કરાયા હોય એવા એ પહેલા મહિલા લેખિકા છે.તેમના સર્જનનો ભારત અને પાકિસ્તાન બંને તરફથી સમાન સ્વીકાર થયો છે. તેમણે આજીવન આ બંને સીમાઓને સ્પર્શતું સાહિત્ય આપ્યું છે.તેમની મોટાભાગની કૃતિઓ અનેક દેશી વિદેશી ભાષાઓમાં અનુદિત થઈ છે. તે પૈકી 'પિંજર'નો હિંદી,ગુજરાતી,ઉર્દૂ, મલિયાલમ, મરાઠી,અને અંગ્રેજી ભાષાઓમાં અનુવાદ થયો છે.

નારી વિષયક સંવેદનાને નારી કલમ વિશેષ વાચા આપી શકે એ ન્યાયે આ કૃતિ એક નારી કેન્દ્રી કૃતિ બનવા પામી છે.તો સંવેદનાનું સાક્ષી વ્યક્તિ સંવેદનને વધુ તીવ્ર રીતે વ્યક્ત કરી શકે એ ન્યાયે આ કૃતિ લેખિકાએ જોયેલા વિભાજનની વ્યથા કથા બની છે.આ બંને બાબતોમાં નારી કેન્દ્રમાં રહી જ છે. એની સંવેદના જે આકાર લે છે એ આકારમાં જે તે સમયનો પરિવેશ ( સામજિક તેમજ કૌટુંબિક) ઉઘડ્યો છે. એ બધામાં ક્યારેક એક નારીની બંધાતી તો ક્યારેક વિખેરાઈ જતી કથા નિર્માણ પામી છે.

'પિંજર' શીર્ષક જ સમગ્ર કથાને પ્રતીકાત્મક રીતે વ્યક્ત કરે છે.આ પિંજર શબ્દ પણ બે અર્થ છાયા દર્શાવે છે. ૧) સામજિક માનસિકતાઓનું પિંજર. ૨) કથાનાયિકાનો પોતાનો દેહ.એક એવો દેહ કે જેમાં કંઇક કેદ થઈ ગયું છે જે સતત બહાર આવવા તરફડિયાં મારે છે. કથાનક પ્રમાણે કથનાયિકા પૂરો છત્તોઆની ગામના શાહની દીકરી છે.તેનું લગ્ન રત્તોવાલના રામચંદ સાથે થવાનું છે.પણ લગ્નના આગલા દિવસે જ રશીદ શેખ તેનું અપહરણ કરી જાય છે. શાહોએ એટલે કે પૂરોના દાદાનો  મોટો દીકરો શેખો એટલે કે રશીદના દાદાની દીકરીનું અપહરણ કરી ત્રણ રાત રાખી છોડી દે છે. શેખો ક્યાંય મોં બતાવવા લાયક

નહોતા રહ્યા.આ જ વાતનો બદલો લેવા પૌત્ર રશીદને કુરાન હાથમાં રખાવી કસમો ખવડાવી હતી.અને તેથી રશિદને મોકો મળતાં જ પૂરોને ઉઠાવી લેવા માટે દબાણ કરવામાં આવે છે અને તે પુરોને ઉઠાવી જાય છે. એ સાથે કથા જુદી જુદી રીતે આગળ વધતી જાય છે.

કથા નાયિકાની કથા તો કરુણ છે જ.પરંતુ એ કરૂણતાની વાત કરતા પહેલા રશીદ વિશે થોડી વાત કરીએ.રશીદ કે જે પહેલી વાર પુરોને છત્તોઆની ગામમાં જુએ છે ત્યારથી જ તેને પૂરો ગમવા લાગે છે.એક બાજુ પૂરો પ્રત્યેનું વળગણ અને બીજી બાજુ વર્ષો જૂનું પૂર્વજોનું વેર. બંને ભેગું થતા રશીદ પૂરોને ઉઠાવી તો જાય છે.પણ પછી રશીદ એક સંવેદનશીલ વ્યક્તિ તરીકે ઉભરી આવે છે. એક એવો વ્યક્તિ કે જેને પોતાના સંવેદનની અભિવ્યક્તિ કરવા માટે પોતાનું કહી શકાય તેવું કોઈ છે જ નહીં.પોતાના લોકોએ તો માત્ર તેને વેર વાળવા માટેનું માધ્યમ બનાવ્યો હતો.પરિણામે આરંભથી અંત સુધી તે પૂરો તેને અપનાવે તે માટે પ્રયત્નો કરે છે.પૂરો તેના પૂર્વ મંગેતર રામચંદને મળે છે ત્યારે પણ તેને તે કશું કહેતો નથી. પુરોને દરેક રીતે અનુકૂળ થવા મથે છે.હિન્દુઓ જ્યારે હિન્દુસ્તાન તરફ જઈ રહ્યા હોય છે ત્યારે પુરોની ભાભી કે જેને મુસલમાનોએ પોતાના ઘરમાં રાખી લીધી હતી તેને તેના ઘર સુધી પહોંચાડવામાં પણ પીછેહઠ નથી કરતો.એટલું જ નહિ પણ કથાના અંતે પૂરોને તેના ભાઈ સાથે તેના ઘરે જવા દેવા માંગે છે.આખી કથામાં રશીદનું તીવ્ર સંવેદન સતત પડઘાયા કરે છે.અંત સુધી એ ન સમજી શકતી પૂરો અંતે એના જ ઘરમાં રહેવા માંગે છે એ જ દર્શાવે છે કે રશીદે પોતે પૂરો માટે કેટલું સહન કર્યું છે.

હવે કથા નાયિકાની વાત કરીએ.કથા નાયિકા પુરો એક એવી યુવતી કે જેણે લગ્ન પૂર્વે રામચંદ સાથે લગ્ન જીવનના મધુર સપના જોયા હતાં અને એ પુરા થવાની થોડીક જ ક્ષણો પહેલાં તેના બધાં જ અરમાનો ઉપર પાણી ફરી વળે છે.રશીદ કે જેને પુરોએ એક બે વાર પોતાના ગામમાં જોયેલો અને તેની આંખોથી ડરી ગયેલી. એ જ રશીદ તેની આંખો સામે માથું ઝુકાવી ઊભો હોય છે.રશીદ બધી હકીકતો કહી પણ દે છે પરંતુ પૂરો નવી જગ્યામાં પોતાની જાતને ગોઠવી નથી શકતી.તેને ફરી ફરીને ઘરે જવું છે.અનેકવાર રશીદને ન કહેવાનું ઘણું કહી પણ દે છે.પરંતુ રશીદ તેને કહે છે કે હવે એ ઘરમાં તારા માટે જગ્યા નથી. પુરોને એ વાત પર જ વિશ્વાસ નથી આવતો.એક રાત્રે એ ભાગી છૂટે છે ને પોતાના ઘરે પહોંચે છે.ત્યારે પૂરોના મા બાપ જ તેને કહે છે કે હવે તું અમારા માટે મરી ચૂકી છો.અને અમને જીવવા દેવા માંગતી હો તો અહીંથી ચાલી જા... કરુણ સંઘર્ષની એ પરાકાષ્ઠા છે કે જે ઘરમાં પોતે નાનેથી મોટી થઈ.જે પિતા માટે પોતે સૌથી વધુ લાડકી હતી એ જ પિતાએ પોતાને જાકારો આપ્યો.

ફરી પાછી રશીદના ઘરમાં જીવવાનું શરૂ તો થાય છે પણ ત્યાં સુધીમાં પૂરો માત્ર હાડ માંસનું પૂતળું બની જાય છે.રશીદ અને પુરોનો દીકરો જાવેદ અંતે જીવનનો આધાર બની જાય છે. એટલું જ નહિ ગામની એક પાગલ યુવતીના દીકરાને પણ પૂરો સાચવે છે.પણ ત્યાં વળી બીજો ફટકો આવે છે.દીકરો મોટો થતાં જ હિન્દુઓની સભા જાહેર કરે છે કે એ પાગલ

યુવતી હિન્દુ હતી.એટલે એનો દીકરો પણ હિન્દુ જ ગણાય.અને તરત જ પૂરો પાસેથી એ બીજો આધાર પણ છીનવાઈ જાય છે.એક પછી એક પૂરોનાં જીવનના આધારો છીનવાતા જાય છે અને પૂરો નવો આધાર શોધવા અને પોતાની જાતને ટકાવી રાખવા સતત ઝઝૂમતી રહે છે.

હિંદુ મુસલમાનના દંગાઓ શરૂ થાય છે.અને મુઠ્ઠીભર મુસલમાનો દેશ વિભાજનની વાતને ખુના મરકી સુધી પહોંચાડી દે છે.એવામાં હિન્દુઓ હિજરત કરે છે.હિન્દુઓનો કાફલો સક્કડઆલી એટલે કે પુરોનાં ગામમાંથી પસાર થાય છે ત્યારે હિન્દુઓને અનાજ આપવાના બદલામાં ઘરેણાં પડાવાય છે.તેવામાં પૂરોને રામચંદ મળીને કહે છે કે પોતાની બહેન અને પૂરોની ભાભીને મુસલમાનોએ કેદ કરી છે. એ સાંભળતા પૂરો ફરી તૂટી જાય છે.પણ હવે તેનામાં કંઇક અંશે હિંમત આવે છે.તેથી તે રત્તોવાલમાં ખેસ વેચવાના બહાને પોતાની ભાભીનો પત્તો લગાવી એક રાતે રશીદને કહી તેને આઝાદ કરાવે છે.

કથાના અંતે પૂરો અને રશીદ તેની ભાભીને લઈને હિન્દુસ્તાન મોકલવા જાય છે.ત્યારે પૂરીને પોતાના ઘરે જવાનો પૂરતો અવકાશ હતો.કેમકે એ સમયે હિન્દુની સ્ત્રીઓને મુક્ત કરી હિન્દુસ્તાન મોકલાઈ રહી હતી ને મુસલમાનની સ્ત્રીઓને મુક્ત કરી લાહોર મોકલાઈ રહી હતી.રશીદ અને પૂરોનો ભાઈ બંને તેને જવા સમજાવે છે છતાં તે જતી નથી.અને પોતાના પતિ રશીદ તથા દીકરા જાવેદમાં જ છેલ્લો આધાર શોધી લે છે.આમ,અંત સુધી વિખેરાતી પૂરો હવે સ્થિર થવા માંગે છે.હવે તે તેના ઘરથી દૂર જવા માંગતી નથી.તેથી છેલ્લે કહે છે. કોઈપણ છોકરી એ હિન્દુ હોય કે મુસલમાન જ્યારે તેના ઘરે પહોંચી જાય ત્યારે સમજજો તેની સાથે પૂરોનો આત્મા પણ પહોંચી ગયો.કેટલું તીવ્ર સંવેદન...પૂરો જ્યાં જીવી રહી છે ત્યાં માત્ર તેનો દેહ છે...આત્મા તો હજુ પેલું ઘર જ ઝંખે છે.જે ઘરમાં એ જીવી હતી.જે ઘરમાં તે હસી હતી રમી હતી...

કથામાં ભારત પાકિસ્તાનનું વિભાજન તો એક સ્થૂળ ઘટના હતી.ખરા અર્થમાં વિભાજન તો પુરોનું થઈ ગયું હતું. પૂરોના મનનું અને તેના આત્માનું વિભાજન થઈ ગયું હતું. જેણે પૂરોને વિખેરી નાંખી હતી.

આ ઉપરાંત આ કથામાં સામાજિક પરીવેશ પણ કથાને પોષક બન્યો છે..જેમકે ૧) પૂરોના લગન વખતે પણ પુરોની માને બાળક જન્મે છે જેમાં પુત્ર પ્રાપ્તિની ઝંખના છે.૨) પુરોના ગુમ થયાની ફરિયાદ નોંધવાની જ પોલીસ ના પાડે છે.કારણકે શેખોએ પોલીસને જ ખરીદી લીધી હતી. ૩) અહીં વેરની જ્વાળા ધર્મના કારણે ઉભી થઇ છે.૪) સામજિક આબરૂ અને માન મોભો વિશેષ મહત્વ ધરાવે છે.આ બધાં પરિબળોને કારણે પૂરોની બલી ચડે છે.જેની અનુભૂતિ માત્ર પુરોનું આંતરમન કરે છે.

આ કથા મૂળ પંજાબી ભાષામાં પ્રગટી અને અનેક ભાષાઓમાં વિસ્તરી છે. અહીં નિરૂપિત સંવેદન એટલું તીવ્ર છે કે ભાષા બદલાતા તે બદલાતું નથી.અનુદીત કૃતિ હોવા છતાં મૂળ ભાવ તેના અદ્દલ રૂપમાં પમાય છે તે જ આ કૃતિનું જીવાતુભૂત તત્વ છે.

**સંદર્ભ** : પિંજર ( હિન્દી અનુવાદ)
પ્રકાશક :- શીલાલેખ પબલિશર્સ, 4/32, સુભાષ ગલી,વિશ્વાસ નગર, શાહદરા,દિલ્હી - 110032